પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫ | ૫ એપ્રિલ, ૨૦૧૮, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ઈમરાનખાનને તાલીબાનોની ધમકી

પાકિસ્તાનના મોટા નેતાઓ ઈમરાનખાન અને નવાઝ શરીફના ભાઈઓ પર તાલીબાની હુમલાનો ભય વ્યક્ત કરાયો છે. તાલીબાનોએ ઈમરાનખાન અને શરીફ બંધુઓને ધમકી આપી છે.

આઈપીએલના ઓપનીંગમાં રીતીક રોશન

અભિનેતા રીતીક રોશન આ વર્ષે આઈપીએલના ઉદ્ઘાટન સમારંભમાં પરફોર્મ કરશે. પોતાની ફિલ્મોના ગીતો પર તેઓ ધુમ મચાવશે.

ગાંધીજીની પ્રતિમાને નુકશાન બદલ ત્રણની ધરપકડ

રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના નાથદ્વારામાં મહાત્મા ગાંધીજીની મૂર્તિને ખંડિત કરવાના આરોપસર ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

નિરાશ્રિતોને પ્રવેશનો અમેરિકાનો ઈન્કાર

અમેરિકામાં પ્રવેશ મેળવવા માટે આંદોલન કરી રહેલા નિરાશ્રિતોને કોઈપણ ભોગે અમેરિકામાં પ્રવેશ અપાશે નહી એમ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ છે. આવા નિરાશ્રિતોની સંખ્યા ૧૨૦૦ છે.

માલદીવે ભારતની ભેટ ઠુકરાવી

માલદીવ અને ભારત વચ્ચે સંબંધો બગડી રહ્યા છે. માલદીવે ભારત સરકાર તરફથી ભેટમાં મળનારા બે હેલીકોપ્ટરમાંથી એકને પરત લઈ જવા કહ્યુ છે.

દેશમાં સારા ચોમાસાની આગાહી

મોનસુન સિઝનમાં નોર્મલ વરસાદ હશે : સ્કાયમેટની પ્રથમ આગાહી : જૂનથી સપ્ટેમ્બરના ગાળાની વચ્ચે ૮૮૭ મિલીમીટર વરસાદ પડશે : દેશમાં કોઇ જગ્યાએ દુષ્કાળની શક્યતા નથી : ખેડૂતો-સરકાર માટે સારા સમાચાર

નવી દિલ્હી,તા. ૪

ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે આજે તેની પ્રથમ આગાહી કરી હતી. જેમાં સ્કાયમેટે કહ્યુ છે કે વર્ષ ૨૦૧૮માં દક્ષિણપશ્ચિમ મોનસુન લોંગ પિરિયડ અવરેજના ૧૦૦ ટકા રહી શકે છે. એટલે કે નોર્મલ મોનસુનની આગાહી કરવામાં આવતા સરકાર અને ખેડુત સમુદાયમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. તેનુ કહેવુ છે કે તેની આગાહીમાં પાંચ ટકા ફેરફાર થઇ શકે છે. આગાહીમાં કહેવામાં આવ્યુ છે કે જુનતી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં લોંગ પિરિયડ અવરેજ ૮૮૭ મીલીમિટર રહી શકે છે. એજન્સીએ કહ્યુ છે કે દેશવ્યાપી દુષ્કાળ અથવા તો ઓછા વરસાદની શક્યતા નહીવત જેવી છે. દેશભરમાં કુલ સિઝનલ વરસાદનો આંકડો એલપીએના ૯૦ ટકાની આસપાસ રહી શકે છે. આગાહીમાં કહેવામાં આવ્યુ છે કે આ વર્ષે એલપીએના ૯૬-૧૦૪ ટકા સુધી વરસાદ રહી શકે છે. એટલે કે નોર્મલ વરસાદની શક્યતા છે. છેલ્લી ત્રણ સિઝનમાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬માં સ્કાયમેટની પ્રથમ આગાહીથી વાસ્તવિક વરસાદ ઓછો રહ્યો હતો. જો કે એપ્રિલ મહિના માટે કરવામાં આવેલી આગાહી યોગ્ય રહી હતી. સ્કાયમેટ દ્વારા વિસ્તૃત માહિતી રિપોર્ટમાં આપવામાં આવતા કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્યોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. સાથે સાથે ખેડુત સમુદાયમાં પણ ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. સામાન્ય વરસાદના કારણે મોટી રાહત તમામને થશે. ઉત્પાદન પર તેની સારી અસર રહેશે. જરૂરી ચીજવસ્તુઓની કિંમત સામાન્ય રહી શકે છે. સ્કાયમેટની આગાહી મોટાભાગે યોગ્ય સાબિત થતી રહી છે. સ્કાયમેટે તેની પ્રથમ આગાહી આજે કરી હતી જેમાં કયા

● અનુસંધાન પાન-૭ પર

આંબેડકરને રાજનીતિમાં નહીં ખેંચવા નરેન્દ્ર મોદીનું સુચન

ભારત બંધ દરમિયાન થયેલી હિંસા બાદ મોદીની પ્રથમ પરોક્ષ ટિપ્પણી : બાબાસાહેબને રાજનીતિમાં ખેંચવાના બદલે તેમના દ્વારા દર્શાવાયેલા માર્ગ પર આગળ વધવાની જરૂર છે: બાબાસાહેબને સૌથી વધુ સન્માન હાલ મળ્યું

નવીદિલ્હી,તા. ૪

એસસી-એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામે

આયોજિત ભારત બંધ દરમિયાન થયેલી વ્યાપક હિંસા બાદ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરોક્ષરીતે પોતાની પ્રતિક્રિયા આપી હતી. દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન વાત કરતા મોદીએ કહ્યું હતું કે, બાબાસાહેબ આંબેડકરને રાજનીતિમાં ખેંચવાના બદલે તેમના દ્વારા દર્શાવવામાં આવેલા માર્ગ ઉપર આગળ વધવાની જરૂર દેખાઈ રહી છે. મોદીએ કહ્યું હતું કે, આંબેડકરને જેટલું સન્માન તેમની સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. અન્ય કોઈ સરકારે અગાઉ આપ્યું નથી. આ પહેલા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ વડાપ્રધાન ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, તેઓ દલિતો,

આદિવાસીઓની સામે થઇ રહેલા અત્યાચાર અને એસસી-એસટી એક્ટને કમજોર બનાવવા જેવા મુદ્દા ઉપર એક પણ વાત કરી રહ્યા નથી. બીજી એપ્રિલના દિવસે દલિત અને પછાત સમુદાયના સંગઠનો દ્વારા આપવામાં આવેલા ભારત બંધના કારણે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસામાં ૧૨થી વધુ લોકોના મોત થયા હતા. સેંકડો લોકો ઘાયલ થયા હતા. દલિત સંગઠનો અને વિપક્ષ દ્વારા કેન્દ્ર સરકાર ઉપર એસસી-એસટી એક્ટને કમજોર કરવાના કાવતરા

● અનુસંધાન પાન-૭ પર

શિવસેના સાથે સમાધાન કરવા ભાજપની પ્રાથમિક તૈયારીઓ

રાજ્યસભા ડેપ્યુટી ચેરમેન બનાવવાની ઓફર કરાઈ

નવીદિલ્હી,તા. ૪

ભાજપે સામાન્યરીતે નારાજ રહેલા એનડીએના સાથી પક્ષ શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને સંદેશો મોકલીને તેમના કોઈ પ્રતિનિધિને રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેન બનાવવાની ઓફર કરી છે. ભાજપે શિવસેના સાથે સમાધાન કરવા માટેનો સંકેત આપી દીધો છે. સંસદમાં ઉપલાગૃહ રાજ્યસભામાં નાયબ અધ્યક્ષનો હોદ્દો ખાલી થવા જઇ રહ્યો છે. કારણ કે પીજે કુરિયનની અવધિ પૂર્ણ થવા જઇ રહી છે. ભાજપ આ હોદ્દાને મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ પાર્ટીને આપવા માટે ઇચ્છુક નથી. ઠાકરેને આ ઓફર એવા સમય પર મોકલવામાં આવી છે જ્યારે એવી અફવા છે કે, આ પોસ્ટને પણ પોતાની પાસે રાખવા ઇચ્છુક છે. સંભવિત દાવેદારોના રુપમાં ભુપેન્દ્ર યાદવના નામ ઉપર ચર્ચા ચાલી રહી છે. હવે જાણવા મળ્યું છે કે, શિવસેનાને ભાજપ તરફથી ઓફર કરવામાં આવી છે. જો કે, શિવસેનાએ હજુ સુધી કોઇ જવાબ

આપ્યો નથી. કારણ કે, આ આમંત્રણ એવા સમય ઉપર આપવામાં આવ્યું છેજ્યારે દેશની રાજકીય સ્થિતિ સંવેદનશીલ થઇ ગઇ છે અને ખુબ જ

● અનુસંધાન પાન-૭ પર

અયોધ્યામાં હવે ૧૦૦ મીટર ઉંચી રામની પ્રતિમા બનશે

સરયુ નદીના કિનારે ૩૩૦ કરોડ રૂપિયાના ખર્ચે પ્રતિમા સ્થાપિત કરશે

લખનૌ,તા. ૪

ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર હવે સીએસઆર ફંડ મારફતે અયોધ્યામાં સરયુ નદીના કિનારે ભગવાન રામની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરશે. ભગવાન રામની આ પ્રતિમા ૧૦૦ મીટર ઉંચી રહેશે. આને લઇને સરકારે તૈયારી પણ શરૂ કરી દીધી છે. યોગી સરકારે વારાણસી અને ગોરખપુર સહિત ઉત્તરપ્રદેશના ૧૦ શહેરોમાં ૨૭૨૫ કરોડ રૂપિયાના ૮૬ ટુરિઝમન પ્રોજેક્ટમાં કંપનીઓને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સબિલિટી ફંડ ખર્ચ કરવા માટેની મંજુરી આપી દીધી છે. અત્રે નોંધનીય છે કે કંપનીઓને તેમના નેટ પ્રોફિટ પૈકી બે ટકા રકમ સીએસઆર ફંડ મારફતે સામાજિક વિકાસ માટે ખર્ચ કરવાની જરૂર હોય છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે કહ્યુ છે કે યોગી સરકાર રાજ્યમાં વિકાસની પ્રક્રિયાને અતિ ઝડપથી આગળ વધારી દેવા માટેના તમામ પ્રયાસો કરી રહી છે.

મોબાઈલ હેન્ડસેટના ભાવ વધશે

મોબાઇલ પાર્ટસ પર ૧૦ ટકા આયાત ડ્યુટી લાગુ કરી દેવાઇ : કેટલાક સ્થાનિક અને ચાઇનીઝ બ્રાન્ડના હેન્ડસેટ માટેની કિંમતમાં છ ટકા સુધીનો વધારો થવા માટેના સ્પષ્ટ સંકેતો

નવી દિલ્હી,તા. ૪

ભારત સરકારે મેડ ઇન ઇન્ડિયા સેલફોનને પ્રોત્સાહન આપવાના હેતુસર પોપ્યુલેટિડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ (પીસીબી), કેમેરા મોડ્યુલ અને કનેક્ટર્સની આયાત પર ૧૦ ટકા ડ્યુટી લાગુ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે સરકારના આ નિર્ણયના કારણે કેટલાક સ્થાનિક અને ચાઇનીઝ બ્રાન્ડના હેન્ડસેટની કિંમતમાં છ ટકાનો વધારો થઇ શકે છે. ઇન્ડસ્ટ્રીઝ નિષ્ણાંતોની વાત માનવામાં આવે તો સેમસંગ, શાઓમી, નોકિયા જેવી બ્રાન્ડ બનાવનાર એચએમડી ગ્લોબલના સ્માર્ટફોન મોડલની કિંમતો પર સરકારના આ નિર્ણયના લીધે કોઇ અસર થશે નહી. કારણ કે આકંપનીઓ પહેલાથી જ પોતાના સ્માર્ટફોનમાં ભારતમાં બનેલી પીસીબીનો ઉપયોગ કરી રહ્યા છે. જો આઇફોન એસઇ મોડલને છોડી દેવામાં આવે તો એપલ આઇફોન અને ગુગલ પિક્સલની કિંમતમાં પણ કોઇ વધારો થનાર નથી. કારણ કે આ બન્ને કંપનીઓ પોતાના સ્માર્ટફોનના આયાત કરે છે. તેમની ડ્યુટીમાં કોઇ ફેરફાર ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આઇફોન એસઇ એપલના એકમાત્ર સ્માર્ટફોન છે. જે ભારતમાં એસેમ્બલ થાય છે. સરકાર તરફથી ૧૦ ટકા આયાત ડ્યુટી લાગુ કરવા સાથે સંબંધિત નોટિફિકેશન જારી કરવામાં આવ્યા બાદ હવે કિંમતોમાં વધારો થઇ શકે છે. એક અખબારે ૧૩મી ફેબ્રુઆરીના દિવસે આ સંબંધમાં અહેવાલ પ્રકાશિત કર્યા હતા. આયાત ડ્યુટી હમેંશા મોબાઇલ ફોન ઉત્પાદન માટે રોકાણને આકર્ષિત કરવાના મામલે ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. વર્ષ ૨૦૧૪માં ભારતમાં મોબાઇલના કારખાનાની સંખ્યા મર્યાદિત હતી જે હવે વધીને ૧૨૦ સુધી પહોંચી ગઇ છે.

દલિતોના મામલે સુપ્રીમના ચુકાદાથી ભાજપ નિરાશ

નવીદિલ્હી,તા. ૪

એસસી અને એસટી એક્ટ સાથે જોડાયેલા સુપ્રીમ કોર્ટના ચુકાદા પર સ્ટે ન મળવાથી ભાજપને ફરી એકવાર પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. અલબત્ત પાર્ટી તરફથી વિપક્ષને જોરદાર જવાબ આપવા માટે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જે રીતે વિરોધ પક્ષો દ્વારા આ મામલાને લઇને જોરદારરીતે અભિયાન છેડી દીધું છે. આનાથી ભાજપની અંદર ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને એવા સાંસદોની ચિંતા વધી ગઇ છે જે આ સમુદાય સાથે જોડાયેલા છે. આજકારણસર લોકસભામાં ગૃહમંત્રીના નિવેદન બાદ પાર્ટી પ્રમુખ અમિત શાહે પણ આ મુદ્દે પ્રતિક્રિયા આપી છે. આ મામલે વિપક્ષના તર્કને ભાજપ દ્વારા ફગાવવામાં આવી રહ્યા છે. લોકોની વચ્ચે એવા સંદેશા પહોંચાડવાના પ્રયાસ થઇ રહ્યા છે કે, મોદી સરકાર સતત દલિતોના હિતમાં કામ કરી રહી છે. પાર્ટી એવી યોજના પણ બનાવી રહી છે કે, સંસદ સત્ર પૂર્ણ થયા બાદ તરત જ લોકો સમક્ષ આ મુદ્દો લઇ જવામાં આવશે તો સરકારે દલિતો માટે કેટલા કામ કર્યા છે. આ મામલે ગંભીરતાપૂર્વક સરકાર આગળ વધી રહી છે.

મધ્યપ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં હજુ હિંસા

નવી દિલ્હી,તા. ૪

એસસી-એસટી એક્ટને લઇને સુપ્રીમ કોર્ટના નિર્ણય સામેના વિરોધમાં સોમવારના દિવસે ભારત બંધ રાખ્યા બાદ તેની હિંસાની અસર હજુ પણ જોવા મળી રહી છે. દલિત સંગઠનો દ્વારા આપવામાં આવેલા ભારત બંધ દરમિયાન બેકાબુ થયેલી સ્થિતી હજુ કાબુમાં આવી નથી. ગ્વાલિયર, ભિંડ અને મુરૈનામાં હજુ પણ સંચારબંધી અમલી છે. આમાં આજે બે કલાકની રાહત આપવામાં આવી હતી. જે દરમિયાન લોકોએ જીવન જરૂરી ચીજોની ખરીદી કરી હતી. આ વિસ્તારોમાં ઇન્ટરનેટ સેવા બંધ છે. મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરવામાં આવી છે. બીજી બાજુ દલિત સંગઠનો હાલમાં તો ભલે માર્ગો પરથી પરત ફર્યા છે પરંતુ સાથે સાથે આ લોકોએ સરકારને ચેતવણી પણ આપી દીધી છે. દલિત સંગઠનોનુ કહેવુ છે કે જો સમાજના બંધારણીય અધિકારો સાથે જોડાયેલા મુદ્દાને ૧૫મી ઓગષ્ટ સુધી ઉકેલવામાં નહીં આવે તો તેઓ ફરી એકવાર જાહેર માર્ગો પર ઉતરશે. પ્રદર્શન બાદ મિડિયા સાથે વાતચીત કરતા દલિત સંગઠનોના નેતાઓએ કહ્યુ હતુ કે હિંસા માટે ભાજપના લોકો જવાબદાર છે.

લોન સસ્તી થશે કે કેમ તે અંગે આજે નિર્ણય કરાશે

આરબીઆઇની પોલીસી સમીક્ષા બેઠકનો આરંભ : કોર્પોરેટ જગત અને શેરબજાર તેમજ સામાન્ય લોન લેવા ઇચ્છુક લોકોની નજર બેઠક પર કેન્દ્રિત

નવી દિલ્હી,તા. ૪

આરબીઆઈની છ સભ્યોની નાણાંકીય પોલિસી સમીક્ષાની મિટિંગ (એમપીસી) આજે વિધીવતરીતે શરૂ થઈ હતી. પ્રથમ દિવસે અર્થતંત્રના જુદા જુદા પાસા પર વિચારણા કરવામાં આવી હતી. વ્યાજદર ઘટશે કે કેમ તે અંગે નિર્ણય ગુરૂવારના દિવસે લેવામાં આવનાર છે. પોલિસી સમીક્ષાની મિટિંગ વર્ષ ૨૦૧૮-૧૯ માટે તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા છે. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ફેરફાર કરવાના સંદર્ભમાં કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. જો કે, મોટાભાગના અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, આરબીઆઈ દ્વારા આ સપ્તાહમાં વ્યાજદર યથાવત રાખવામાં આવશે. સ્થાનિક ફુગાવાને ધ્યાનમાં લઈને આરબીઆઈ વ્યાજદરોને યથાવત રાખી શકે છે. બજેટ બાદ આ પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા બેઠક મળી છે. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં આ બેઠક શરૂ થઈ છે. જેમાં ચોથીએ બેઠક શરૂ થયા બાદ પાંચમી એપ્રિલના દિવસે નિર્ણય લેવામાં આવનાર છે. રિટેલ ફુગાવામાં ઘટાડાના અનુસંધાનમાં વ્યાજદરમાં કાપ મુકવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ઉપર દબાણ આવી રહ્યું છે. જો કે, આરબીઆઈ હાલમાં વ્યાજદરને યથાવત રાખવા ઈચ્છુક છે. ગયા મહિનામાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં વધુ બે વખત વધારો થવાનું ચિત્ર પણ રહેલું છે. આરબીઆઈ દ્વારા કોઈપણ નિર્ણય લેતા પહેલા ફૂડની કિંમતમાં થઈ રહેલા વધારાને પણ ધ્યાનમાં લેવામાં આવશે. ફૂડની કિંમત હાલમાં પ્રતિબેરલ ૭૦ ડોલર સુધી પહોંચી ગઈ છે. બેંક ઓફ અમેરિકા મેરિલીન્ચનું કહેવું છે કે, વ્યાજદરમાં હાલ યથાવ સ્થિતિ રહેશે. જો કે, ઓગસ્ટ મહિનાની પોલિસી સમીક્ષામાં રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. જો મોનસુન યથાવત રહેશે તો વ્યાજદરમાં કાપ મુકવામાં આવી શકે છે.